# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-07-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

PM સાણંદ:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે અમદાવાદના સાણંદ ખાતે CG સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ-OSAT સુવિધાનું ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રીએ કહ્યું, ભારતમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ છેલ્લા એક દાયકામાં આવેલી ઈલેક્ટ્રોનિક્સ ક્રાંતિનું આગળનું કદમ છે. ચિપ ડિઝાઇનથી લઈને ફેબ્રિકેશન અને પેકેજિંગ સુધીનું માળખું ભારતમાં વિકસિત કરવાનું અમારું લક્ષ્ય છે.શ્રી મોદીએ કહ્યું આ પ્લાન્ટમાંથી દર વર્ષે 20 કરોડ ચિપ્સનું ઉત્પાદન થશે.**

**આ પ્રસંગે, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી કે 2026 ના અંત સુધીમાં ભારતમાં પાંચ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત હશે. સાણંદમાં 7 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ વિકસાવવામાં આવેલી આ સુવિધા દેશની ટેક ઉત્પાદન યાત્રામાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. આગામી પાંચ વર્ષમાં આ પ્લાન્ટમાં 5 હજારથી વધુ લોકોને રોજગારી મળવાની આશા છે, જેનાથી આ સમગ્ર વિસ્તારના આર્થિક વિકાસને નવી ગતિ મળશે.**

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી શ્રી મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા જણાવ્યુ કે દુરોગામી નેતૃત્વ હેઠળ ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યુ છે.**

---

## PM રાજસ્થાન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે રાજસ્થાનમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉર્જા, પરિવહન અને રોજગાર સર્જનને મોટો વેગ આપતા એક લાખ પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા. પ્રધાનમંત્રીએ જોધપુર એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ, તેમણે બાલોતરા જિલ્લાના પચપદ્રા ખાતે દેશનું સૌથી આધુનિક ગ્રીનફિલ્ડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સને રાષ્ટ્રને સમર્પિત કર્યું. આ ઉપરાંત, શ્રી મોદીએ જોધપુરથી સુધારેલી ઉડાન યોજના પણ શરૂ કરી.

---------------------------------------------------------------------------------------------------------

## વરસાદ:

રાજ્યમાં છેલ્લા બે-ત્રણદિવસ થી સાર્વત્રિક વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૨૫ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો છે,જેમાં જૂનાગઢના માંગરોળમાં સૌથી વધુ ૨૨ ઇંચવરસાદ નોંધાયો છે.આ ચોમાસુ સિઝનની શરૂઆતમાં જ રાજ્યમાં મોસમનો સરેરાશ ૧૩ટકા વરસાદ વરસી ચૂક્યો છે.

હવામાન વિભાગે આગામી ૭ દિવસ માટે ભારે વરસાદની આગાહી કરી છે. લો પ્રેશર સહિતની વિવિધ સક્રિય સિસ્ટમોને કારણે સુરત, જૂનાગઢ,વલસાડ અને ગીર સોમનાથ સહિતના જિલ્લાઓમાં'રેડએલર્ટ' જાહેર કરાયું છે. જ્યારે રાજકોટ, પોરબંદર અને ભાવનગર સહિતના વિસ્તારોમાં'ઓરેન્જએલર્ટ' અપાયુ છે.

બીજી તરફ, કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી અને જામનગરમાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદ અને વાવાઝોડાની સંભાવના વ્યકત કરાઇ છે. દરિયો તોફાની બનવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

જીલ્લા મથક ભુજમાં વાદળોની આવન જાવન વચ્ચે સખત ઉકળાટને કારણે આમ જીવન પરસેવે રેબઝેબ થયુ હતું. એન્ટી સાયકલોનિક સર્કયુલેશનને કારણે ફુંકાતા ભેજવાળા પવનોના અવરોધને કારણે કચ્છમાં ચોમાસાના આગમનને વિલંબ થયો છે.

---

## કચ્છ-ઘાસચારો:

**જીલ્લામાં વરસાદ ખેંચાતા ઘાસચારાની અછત વર્તાઈ રહી છે, ત્યારે વહીવટીતંત્ર એક્સન મોડમાં છે. કચ્છ કલેક્ટરે ફોરેસ્ટ અને વિવિધ પ્રાંત અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી તાલુકાવાર પશુઓની કુલ સંખ્યા અને ત્યાં ઘાસની જરૂરીયાતનો ચોક્કસ અહેવાલ તૈયાર કરવા અને રજુ કરવા આદેશ આપ્યો છે.બે દિવસમાં વિગતવાર માહિતી મેળવી રાહત કમિશ્નરને ઘાસ ફાળવણી અંગે દરખાસ્ત મોકલી તેની મંજુરી મળતા તાત્કાલિક જરૂરીયાતવાળા અછતગ્રસ્ત તાલુકાઓમાં ઘાસની વિધિવત ફાળવણી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે.**

---

## ક્રિકેટ:

**ઇંગ્લેન્ડની ટીમે ભારતીય ટીમને બીજી ટી 20 મેચમાં હરાવી પાંચ મેચની શ્રેણીમાં એક વિરુદ્ધ શૂન્યની સરસાઇ મેળવી છે. માન્ચેસ્ટર ખાતેની મેચમાં ભારતના 7 વિકેટે 190 રનના લક્ષ્યાંક સામે ઇંગ્લેન્ડની ટીમે 6 વિકેટના ભોગે 191 રન કરી મેચ જીતી લીધી હતી. જેકબ બેથલ 76 રન કરી નોટ આઉટ રહ્યા હતા. અર્શદીપસિંહે 3 વિકેટ ઝડપી હતી.આ અગાઉ ભારતે 7 વિકેટ ગુમાવી 190 રન કર્યા હતા, જેમાં ઈશાન કિશનના 49,અભિષેક શર્માના 43 અને સુકાની શ્રેયસ ઐયરના 37 રન મુખ્ય હતા.**

**ભારતના વૈભવ સૂર્યવંશીએ 15 વર્ષ અને 99 દિવસની વયે ક્રિકેટ ક્ષેત્રે પદાર્પણ કરી નવો ઇતિહાસ રચ્યો હતો. સચિન તેંડુલકર અને શેફાલી વર્માના નાની વયે ક્રિકેટ ટીમમાં પ્રવેશના વિક્રમ તેમણે તોડ્યો હતો.**

---

## કચ્છ-રાપર-સંકલન સમિતિ બેઠક:

**રાપર-ભચાઉના પ્રાંત અધિકારી જ્યોતીબેન ગોહેલની અધ્યક્ષતામાં રાપર પ્રાંત કચેરી ખાતે તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. અગાઉની બેઠકોમાં રજૂ થયેલા અનેક**

**પ્રશ્નોનો નિકાલ માટે સંબંધિત અને તમામ વિભાગોને 7થી 10 દિવસમાં પ્રશ્નોનો નિકાલ કરી તેનો અહેવાલ રજૂ કરવા આદેશ આપ્યો હતો.**

**------------------------------------------------------------------------------------------------**

## પુર્વ કચ્છ જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરી:

**દેશના સૌથી મોટા ભૌગોલિક વિસ્તાર ધરાવતા કચ્છ જિલ્લામાં વહીવટી સરળતા લાવવા ભુજ ખાતે પશ્ચિમ કચ્છની કચેરી યથાવત રહેશે, જ્યારે પૂર્વ કચ્છ માટે અંજારમાં નવી જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી શરૂ થશે.**

**------------------------------------------------------------------------------------------------**